સત્યમેવ જયતે

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૩/૧૦/૨૦૧૫ | | |
| દાખલ તારીખ | : | ૧૩/૧૦/૨૦૧૫ | | |
| ફેંસલ તારીખ | : | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૦ | ૦૫ | ૦૫ |

# મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ. જંબુસર.

**ફોજદારી કેસ નંબર : ૧૩૮૫/૨૦૧૫**

**આંક :– ૯૯**

**ફરીયાદી :** શ્રી સરકાર,
કાવી પોલીસ સ્ટેશન,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :**
(૧) જેસંગભાઈ શંકરભાઈ પટેલ,
ઉ. વ. પુખ્પ, ધંધો – ખેતી,
(૨) ઘનશ્યામભાઈ જેસંગભાઈ પટેલ,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
(૩) અનિલભાઈ જેસંગભાઈ પટેલ,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
(૪) અરવિંદભાઈ વરઘભાઈ,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,

તમામ રહે. કંમ્બોઈ પટેલ, ખડકી,

તા. જંબુસર, જિ. ભરૂચ.

**ગુન્હો : ઈ.પી.કો. કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૫૦૪ મુજબ**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ. એ.પી.પી................ શ્રી વી.આર. પંચાલ // | |
| // આરોપીઓ તરફે વિ.વ.................... શ્રી એ.એસ.કરમાડવાલા// | |

**:: જજમેન્ટ ::**

## (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, તા. ૨૮/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી આ કામના આરોપીઓને ખેતરના રસ્તા બાબતે ઝઘડો થયેલો જેની રીષ અદાવત રાખી આરોપી નં. ૧ થી ૪ નાઓએ સાહેદ કૌશીકભાઈસાથે ઝઘડો કરતા હોઈ જેથી ફરીયાદીનો છોકરો નિરંજન વચ્ચે પડતા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકે સાહેદ નિરંજનભાઈ ને હેથા વડે માથાના ભગો સપાટો મારેલો અને આરોપી નં. ૧ થી ૪ નાઓ ડાંગ તથા લાકડી વડે એક સંપ થઈ હુમલો કરી માર મરેલ. જેથી ફરીયાદી વચ્ચે પડતા આરોપી નં. ૫નાઓએ ફરીયાદીની ફેટ પકડી ગમે તેમ ગાળો બોલી, મહે. જિલ્લા મેજી.શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૩૨૩,૩૨૪,૫૦૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ કાવી પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં કાવી પો.સ્ટે. ગુ. ર. નં. ફર્સ્ટ ૧૨/૨૦૧૫ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધની કાવી

પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૩૨૪,૫૦૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપીઓ સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીઓ સામે **આંક–૦૨** થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીઓનું સ્ટેટમેન્ટ **આંક–૦૩ થી આંક–૦૬** મુજબ લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મહેશભાઈ વલ્લભભાઈ પટેલની જુબાની | ૬૯ |
| ૨ | સાહેદ રમણભાઈ વલ્લભભાઈ પટેલની જુબાની | ૭૨ |
| ૩ | પંચસાહેદ જયંતીભાઈ ભગવાનભાઈ પટેલની જુબાની | ૮૭ |

| | | |
|---|---|---|
| ૪ | પંચસાહેદ સુરેશભાઈ મોતીભાઈ પટેલની જુબાની | ૮૯ |
| ૫ | પંચસાહેદ નિરંજનભાઈ મહેશભાઈ પટેલની જુબાની | ૯૦ |
| ૬ | સાહેદ અરૂણભાઈ ડાહયાભાઈ પટેલની જુબાની | ૯૧ |
| ૭ | સાહેદ કૌશીકભાઈ અરૂણભાઈ પટેલની જુબાની | ૯૩ |

**દસ્તાવેજી પુરાવો**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૭૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૮૮ |
| ૩ | રીકવરી પંચનામુ | ૯૪ |
| ૪ | શરીરસ્થિતીનું પંચનામું | ૯૫ |
| ૫ | મેડીકલ સર્ટીફીકેટ | ૯૬ |
| ૬ | જાહેરનામાની નકલ | ૯૭ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષ તરફે આંક–૯૮ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે તેનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫) બચાવપક્ષનો પુરાવો :–**

આ કામે આરોપીઓનું સીઆર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ઉપલબ્ધ ન હોઈ, આરોપીઓનો વિશેષ જવાબ લેવામાં આવેલ નથી.

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી પંચાલની તથા આરોપીઓ તરફે વિ. વ. એ.એસ.કરમાડવાલાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદૃાઓ :-**

**મુદૃા નં.૧** :- શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૮/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી આ કામના આરોપીઓને ખેતરના રસ્તા બાબતે ઝઘડો થયેલો જેની રીષ અદાવત રાખી આરોપી નં. ૧ થી ૪ નાઓએ સાહેદ કૌશીકભાઈસાથે ઝઘડો કરતા હોઈ જેથી ફરીયાદીનો છોકરો નિરંજન વચ્ચે પડતા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકે સાહેદ નિરંજનભાઈ ને હેથા વડે માથાના ભગો સપાટો મારેલો અને આરોપી નં. ૧ થી ૪ નાઓ ડાંગ તથા લાકડી વડે એક સંપ થઈ હુમલો કરી માર મરેલ. જેથી ફરીયાદી વચ્ચે પડતા આરોપી નં. ૫નાઓએ ફરીયાદીની ફેટ પકડી ગમે તેમ ગાળો બોલી, મહે. જિલ્લા મેજી.શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ.પી.કો.કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૩૨૪,૫૦૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

**મુદૃા નં.૨** :- શું હુકમ ?

(૮) ઉપરોકત મુદૃાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**-: નિર્ણયો :-**

**મુદૃા નં. ૧** :- નકારમાં.

**મુદૃા નં. ૨** :- આખરી હુકમ મુજબ

## **–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ ફરીયાદી જાગૃતિબેન ઘનશ્યામભાઈ પટેલને **આંક–૬૯** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ આ કામના આરોપીઓ તેમના ગામના હોઈ તેઓને ઓળખે છે. ગઈ તા. ૨૮/૪/૨૦૧૫ ના રોજ સાંજના ૮ વાગ્યાના અરસામાં આરોપીના ઘરની આગળ ઝઘડો થયેલો આ સમયે તેઓ દુધની ડેરીએ હતા તેમની સાથે તેમનો ભાઈ રમણભભાઈ પણ હતા. આ ઝઘડો દુધની ડેરીની સામે જ થયેલો. જેથી હોહા થતા તેઓ બનાવવાળી જગ્યાએ પહોંચેલા. ત્યાં જઈને જોતા આ તમામ આરોપીઓ હાજર હતા. જેમાં જેસંગભાઈના હાથમાં ડાંગ હતી, અનિલભાઈના હાથમાં કુહાડી હતી અને જીગરભાઈના હાથમાં હેંઠુ હતુ. આ સમયે તેઓએ તમામ વ્યકિતને કહેલ કે શા માટે તેઓના છોકરાઓ જોડે ઝઘડો કરો છો જેથી અરવિંદભાઈએ આ તમામનુ ઉપરાણું લઈ તેઓની ફેટ પકડી લીધેલ ને તેમના ગળામાં સોનાની ચેન હતી તે તુટીને પડી ગયેલી આ સમયે તેઓએ તેમનો દીકરો ત્યાં લોહી લુહાણ હાલતમાં પડેલો હતો. તેઓ તેની પાસે પહોચતા તેઓએ તેમને જણાવેલ કે આ લોકોએ તેને માર મારેલો છે અને તેમને હેઠાથી ઈજા થયેલી છે. તેમના દીકરા નિરંજનને જોતા તેને માથાના ભાગે ઈજા થયેલી. આ ઝઘડો થવાનુ કારણ આરોપીઓ તેઓની સાથે જમીન તથા રસ્તા બાબતે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખે છે તે હતી. બનાવના સંદર્ભમાં તેઓએ કાવી પો.સ્ટે. માં ફરીયાદ કરેલી. જે ફરીયાદ આ કામે આંક–૭૦ થી રજુ રાખેલ છે. તેમના દીકરાને માથામાં ઈજા થયેલ હોવાથી તેઓ તેને સારવાર અર્થે જંબુસર સરકારી દવાખાને લઈ ગયેલા.

ત્યારબાદ તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, '' આરોપીનુ ઘર ઓ.એન.જી.સી.ની ટાંકી નજીક ગામમાં છેલ્લાં ફળીયામાં આવેલ છે. સાહેદ રમણભાઈ વલ્લભભાઈ પટેલ તેમના સગા ભાઈ થાય છે અને તેઓ કંબોઈ ગ્રામ પંચાયતના માજી સરપંચ છે. સાહેદ ઉર્વેશભાઈ મહેશભાઈ પટેલ તેમનો સગો દીકરો થાય છે. સાહેદ નિરંજનભાઈ મહેશભાઈ પટેલ તેમનો દીકરો થાય છે. કંબોઈ ગામે બ્લોક નં. ૧૧૭ થી ખેતીની જમીન આવેલી છે જે અરૂણભાઈના નામે ચાલે છે. સદર જમીનનુ કુલ ક્ષેત્રફળ હે–૧, આરે–૦૨, ચો.મી.–૦૨ છે એ પૈકી ૦૧ હેકટર, ૦૦–આરે, ૧૬ ચો.મી. અરૂણભાઈ ડાહ્યાભાઈ પટેલના નામે છે. સદર જમીનના કુલ ક્ષેત્રફળમાં હે–૦, આરે–૦૨, ૦૨–ચોમી એ પો.ખ.માર્ગ છે. તેઓએ તેમની પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે, ત્યાં જઈને જોતા આ તમામ આરોપીઓ હાજર હતા જેમાં જેસંગભાઈના હાથમાં ડાંગ હતી, ઘનશ્યામભાઈના હાથમાં ડાંગ હતી, અનિલભાઈના હાથમાં કુહાડી હતી અને જીગરભાઈના હાથમમાં હેઠુ હતુ. સાહેદ જણાવે છે કે, નિરંજને તેમને આ હકીકત કહતા કહેલી. બનાવ સમયે ઘણા લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. ''

(૧૦) ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ ઘનશ્યામભાઈ જેસંગભાઈ પટેલને **આંક–૭૨** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, આ કામના ફરીયાદ મહેશભાઈ વલ્લભભાઈ પટેલ તેમના સગા ભાઈ છે. આ કામના ચારેય આરોપી તેમના ગામના હોય, તેઓને તેઓ ઓળખે છે. આજથી લગભગ નવેક વર્ષ પહેલા તેઓ ડેરીએ દુધ ભરવા માટે ગયેલા તે સમયે અવાજ આવતા તેઓ જે તે જગ્યા પર ગયેલા અને ત્યાં જઈને જોયુ તો આ કામના ફરીયાદી મહેશભાઈનો દીકરો એટલે કે તેમનો ભત્રીજો લોહી લુહાણ હાલતમાં હતો. જેથી તેઓ

તેમને ઘરે લઈ ગયેલા. તેમના ભત્રીજાને પુછતા તેણે જણાવેલ કે, ઘનશ્યામભાઈના છોકરાએ તેને લાકડી થી ઈજા પહોંચાડેલ છે. સારવાર અર્થે તેમના ભત્રીજાને દવાખાને લઈ જવામાં આવેલો. બનાવના સંદર્ભમાં તેમના ભાઈ મહેશભાઈએ કાવી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. બનાવના સંદર્ભમાં પોલીસે તેમનુ નિવેદન લીધેલ નથી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ નિવેદનમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, તેઓ કંબોઈ ગામના ગામ આગેવાન છે. તેઓ કંબોઈ ગામના સરપંચ તરીકે રહી ચુકયા છે. ફરીયાદી તેમના સગા ભાઈ થાય છે. અરૂણભાઈ ડાહયાભાઈ તેમના મોટાભાઈનો દીકરો થાય છે. તેમનુ અને જેસંગભાઈનુ ઘર અલગ અલગ મહોલ્લામાં આવેલુ છે. તેમના ઘરથી જેસંગભાઈના ઘરે ચાલતા જતા પાંચ મિનિટ થાય છે. અરૂણભાઈ ડાહયાભાઈ ના નામે બ્લોક નં. ૧૧૭ થી ખેતીની જમીન આવેલી છે જે અરૂણભાઈના નામે ચાલે છે. સદર જમીનનુ કુલ ક્ષેત્રફળ હે–૧, આરે–૦૨, ચો.મી.–૦૨ છે એ પૈકી ૦૧ હેકટર, ૦૦–આરે, ૧૬ ચો.મી. અરૂણભાઈ ડાહયાભાઈ પટેલના નામે છે. સદર જમીનના કુલ ક્ષેત્રફળમાં હે–૦, આરે–૦૨, ૦૨ –ચોમી એ પો.ખ.માર્ગની જમીન આવેલી છે. આ પોખઅ માર્ગમાં આરોપીઓએ તેમના ખેતરમાં જવા આવવાનો રસ્તો આવેલ છે. તા. ૨૮/૪/૨૦૧૫ ના રોજ જેસંગભાઈ શંકરભાઈનાઓએ આ રસ્તો બંધ કરવા સબંધે પોલીસ સ્ટેશનમાં અરજી કરેલી. સાહેદ જણાવે છે કે તેઓએ રસ્તો બંધ કરેલ નથી. તેઓ વિરૂધ્ધ જાગૃતિબેને કાવી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી અને તે ફરીયાદ જંબુસર કોર્ટમાં સી.સી.નંબર ૧૩૮૬/૨૦૧૫ થી ચાલે છે. દુધની ડેરી તથા આરોપીઓના ઘરની

વચ્ચે ૧૨૫ ફુટનુ અંતર છે તે બંને જગ્યા અલગ અલગ છે. તેમના પોલીસના જવાબમાં ઘનશ્યામભાઈના દીકરાએ તેમના ભત્રીજા નિરંજનને મારેલ હોય તેવી કોઈ હકીકત લખાવેલ નથી. ગામમાં સામાન્ય રીતે બોલાચાલી કે હોહા થાય તો ગામ ભેગુ થઈ જાય છે. તેમના કહેવા મુજબ તેઓ બનાવ વખતે ડેરી ઉપર હતા. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે તેઓએ નિરંજનને લોહી લુહાણ હાલતમાં જાયેલા. તે સિવાય તેઓને બીજુ કઈ જોવાનો પ્રસંગ બનેલ નહી. અનિલભાઈ જેસંગભાઈ પાણીનુ ટેન્કર ચલાવે છે. તેઓ સાંજના ૪ થી ૯ વાગ્યા સુધી પાણીના ટેન્કરના ફેરા દહેગામ મુકામે મારે છે. તેઓને કંબોઈ કાવી તથા આજુબાજુના ગામોમાં વાર તહેવારે પ્રસંગોમાં જવાનુ થાય છે. તેઓ કાવી પો.સ્ટે.માં હદથી વાકેફ છે. કહેવાતા બનાવ વખતે ભારે હોહા થયેલી અને ખાસુ મોટુ ટોળુ ભેગુ થયેલુ. ટોળામાં બુમરાણ થઈ ગયેલી. ટોળામં કોણ શું બોલે અને કોણ શુ કરે તેની ખબર પડતી ન હતી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ જયંતીભાઈ ભગવાનભાઈ પટેલને **આંક–૮૭** થી તથા બીજા પંચ સાહેદ સુરેશભાઈ મોતીભાઈ પટેલને **આંક–૮૯** થી તપાસેલ છે, બન્ને પંચ સાહેદો તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલ. લખાણ તેઓએ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નહી. તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ નહી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૮૮** થી રજુ કરવામાં આવેલ છે.

ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ નિરંજન મહેશભાઈ પટેલને **આંક–૯૦** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે,

તેઓને હાલ યાદ નથી પરંતુ આજથી દશેક વર્ષ પહેલા લગભગ સાંજના ગાળામાં તેઓ તથા તેમના કાકાનોદીકરો કૌશીક તમેના ખેતરના આવવા જવાના રસ્તા બાબતે તેમના શેઢા પાડોશી જેસંગભાઈ શંકરભાઈ પટેલનાઓને કહેવા ગયેલા. જે કારણે તેઓને સામસામે બોાલચાલ થયેલી ત્યારે આસપાસના ફળીયાના માણસો ત્યાં ભેગા થઈ ગયેલા અને તેઓ સમજાવવા આવેલા. તેઓને સમજાવતા હતા કે દરમ્યાન ટોળુ હોય ટોળામાં તેમને ધકકો વાગી ગયેલો અને તેઓ નીચે પડી ગયેલા. નીચે પડતા ત્યાં નજીકમાં પડેલ પથ્થર તેમને માથાના ભાગે વાગી જતા માથામાં લોહી નીકળેલુ. જેથી તેઓ અને કૌશીકભાઈ ઘરે પરત વળી ગયેલા અને કૌશીકે વચ્ચે રસ્તામાં તેઓને સારવાર કરવા માટે લઈ જવા જણાવતા તેમના પિતા મહેશભાઈ અને મોટા પપ્પા રમણભાઈ પણ તેઓને રસ્તામાં મળતા તેઓને કાવી સરકારી દવાખાતે લઈ ગયેલા. જયાં તેમની સારવાર કરાવેલી. તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહી. બનાવ સમયે કોઈ ઈસમે અપશબ્દો બોલેલા નહી કે કોઈ પ્રકારની કોઈએ કોઈને ધમકી આપેલ નહી. બનાવ બનતા સબંધે તેમના પિતા મહેશભાઈએ કાવી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. ફરીયાદમાં તેમના પિતાએ શું લખાવેલુ તે તેઓ જાણતા નથી. પોલીસે બનાવ સબંધે તેઓનો જવાબ લીધેલો. તેઓ આરોપીઓને જોયેથી ઓળખે છે. જે પૈકી આરોપી સંજયભાઈ જેસંગભાઈ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે. જયારે આરોપી અનિલભાઈ જેસંગભાઈ પટેલ અને અરવિંદભાઈ વરધભાઈ પટેલનાઓ નામ. કોર્ટમાં હાજર નથી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ નિવેદનમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ. બનાવ સમયે ટોળુ હતુ અને ટોળામાં કોણે શું કર્યુ તેની તેમન ખબર નથી. ટોળામાં ધકકા મુકકી થવાથી પડી જવાથી માથામાં પથ્થર વાગવાથી ઈજા થયેલી. બનાવ સમયે કોઈએ કોઈને અપશબ્દો બોલેલ નહી કે કોઈની પાસે કોઈ હથિયાર હતુ નહી.

(૧૩) ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ અરૂણભાઈ પટેલને **આંક-૯૧** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓને હાલ યાદ નથી પરંતુ આજથી દશેક વર્ષ પહેલા લગભગ સાંજના ગાળામાં તેઓ તથા તેમનો ભત્રીજો ઉર્વેશ પટેલ ગામની ભાગોળે બેસેલા હતા અને ફળીયમાં બુમાબુમ થતા તેઓ ત્યાં દોડી ગયેલા અને જોયેલ તો ત્યાં હાજર નિરંજનને માથામાં થી લોહી નીકળી રહેલ હતુ અને આસપાસ માણસોનુ ટોળુ વળેલુ હતુ. જેથી ત્યાં હાજર કૌશીકે નિરંજને તેની સારવા કરવા માટે લઈ ગયેલા. તે સિવાય ત્યાં શું બનેલુ તે તેઓ જાણતા નથી. તેઓને વાતો વાતથી જાણવા મળેલું કે, ત્યાં રહેતા જેસંગભાઈ અને નિરંજન વચ્ચે તેઓના ખેતરના રસ્તા બાબતે સામાન્ય બોલાચાલ થયેલી અને નિરંજનને લોકો સમજાવતા જતા ટોળામાં ધકકો વાગી જવાથી નીચે પડેલ પથ્થર તેને માથામાં વાગેલો. આ બનાવની તકરાર થતા નિરંજનના પિતા મહેશભાઈએ તેમજ સામાપક્ષના માણસોએ આમને સામને ફરીયાદ પો.સ્ટે.માં કરેલી હતી. પોલીસે શું કાર્યવાહી કરેલી તે તેઓ જાણતા નથી. પોલીસે બનાવ બાબતે તેમનો જવાબ લીધેલો પરંતુ તેઓએ શુ જવાબ લખાવેલ તે તેમને હાલ યાદ નથી. આ બનાવમાં તેમની હાજરીમાં કોઈ ઈસમે કોઈ પ્રકારે અપશબ્દો બોલેલ હોય, કોઈ પ્રકારની ધમકી આપેલ હોય કે કોઈ પ્રકારનો

હુમલો કરેલ હોય તેવુ કાંઈ બનેલ નહી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ નિવેદનમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ. બનાવ સમયે ટોળુ હતુ અને ટોળામાં કોણે શું કર્યુ તેની તેમન ખબર નથી. ટોળામાં ધકકા મુકકી થવાથી પડી જવાથી માથામાં પથ્થર વાગવાથી ઈજા થયેલી. બનાવ સમયે કોઈએ કોઈને અપશબ્દો બોલેલ નહી કે કોઈની પાસે કોઈ હથિયાર હતુ નહી.

**(૧૪)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ કૌશીકભાઈ અરૂણભા પટેલને **આંક–૯૩** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓને હાલ યાદ નથી પરંતુ આજથી દશેક વર્ષ પહેલા લગભગ સાંજના ગાળામાં તેઓ તથા તેમના કાકાનો દીકરો નિરંજન તેમના ખેતરના આવવા જવાના રસ્તા બાબતે તેમના શેઢા પાડોશી જેસંગભાઈ શંકરભાઈ પટેલનાઓને કહેવા ગયેલા. જે કારણે તેઓને સામસામે બોલચાલ થયેલી ત્યારે આસપાસના ફળીયાના માણસો ત્યાં ભેગા થઈ ગયેલા અને તેઓ સમજાવવા આવેલા. તેઓને સમજાવતા હતા કે દરમ્યાન ટોળુ હોય ટોળામાં તેમને ધકકો વાગી ગયેલો અને તેઓ નીચે પડી ગયેલા. નીચે પડતા ત્યાં નજીકમાં પડેલ પથ્થર તેમને માથાના ભાગે વાગી જતા માથામાં લોહી નીકળેલુ. જેથી તેઓ અને નિરંજનભાઈ ઘરે પરત વળી ગયેલા અને તેઓએ વચ્ચે રસ્તામાં તેઓને સારવાર કરવા માટે લઈ જવા જણાવતા તેમના પિતા મહેશભાઈ અને મોટા પપ્પા રમણભાઈ પણ તેઓને રસ્તામાં મળતા

તેઓને કાવી સરકારી દવાખાતે લઈ ગયેલા. જ્યાં તેમની સારવાર કરાવેલી. તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહી. બનાવ સમયે કોઈ ઈસમે અપશબ્દો બોલેલા નહી કે કોઈ પ્રકારની કોઈએ કોઈને ધમકી આપેલ નહી. બનાવ બનતા સબંધે તેમના પિતા મહેશભાઈએ કાવી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. ફરીયાદમાં તેમના પિતાએ શું લખાવેલુ તે તેઓ જાણતા નથી. પોલીસે બનાવ સબંધે તેઓનો જવાબ લીધેલો. તેઓ આરોપીઓને જોયેથી ઓળખે છે. જે પૈકી આરોપી સંજયભાઈ જેસંગભાઈ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે. જયારે આરોપી અનિલભાઈ જેસંગભાઈ પટેલ અને અરવિંદભાઈ વરઘભાઈ પટેલનાઓ નામ. કોર્ટમાં હાજર નથી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ નિવેદનમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ. બનાવ સમયે ટોળુ હતુ અને ટોળામાં કોણે શું કર્યુ તેની તેમન ખબર નથી. ટોળામાં ઘકકા મુકકી થવાથી પડી જવાથી માથામાં પથ્થર વાગવાથી ઈજા થયેલી. બનાવ સમયે કોઈએ કોઈને અપશબ્દો બોલેલ નહી કે કોઈની પાસે કોઈ હથિયાર હતુ નહી.

**(૧૫)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ. વ. શ્રીઓની દલીલ સાથે ચર્ચા કરતા સૌ પ્રથમ બનાવ વખતે તા. ૨૮/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી આ કામના આરોપીઓને ખેતરના રસ્તા બાબતે ઝઘડો થયેલો જેની રીષ અદાવત રાખી આરોપી

નં. ૧ થી ૪ નાઓએ સાહેદ કૌશીકભાઈસાથે ઝઘડો કરતા હોઈ જેથી ફરીયાદીનો છોકરો નિરંજન વચ્ચે પડતા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકે સાહેદ નિરંજનભાઈ ને હેથા વડે માથાના ભગો સપાટો મારેલો અને આરોપી નં. ૧ થી ૪ નાઓ ડાંગ તથા લાકડી વડે એક સંપ થઈ હુમલો કરી માર મરેલ. જેથી ફરીયાદી વચ્ચે પડતા આરોપી નં. પનાઓએ ફરીયાદીની ફેટ પકડી ગમે તેમ ગાળો બોલી, મહે. જિલ્લા મેજી.શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી, સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડી ઈજાઓ કરેલ કે કેમ ? તે બાબતે ચર્ચા કરવામાં આવે તો હાલનાં કામે **આંક–૮૮** થી રજુ ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદને **આંક– ૮૭ અને આંક–૮૯ થી** તપાસવામાં આવેલ છે. સદર પંચનામાનાં પંચ સાહેદો તૈયાર લખેલ કાગળમાં સહી કરેલ હોવાની અને તેઓની હાજરીમાં પંચનામાની કાર્યવાહી થયેલ ન હોવાની હકિકત જણાવે છે. આમ, સદર પંચનામાઓ ફરીયાદપક્ષ ધોરણસર રીતે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, હાલના કામે બચાવપક્ષની સંમતિથી ફરીયાદીનું મેડીકલ પ્રમાણપત્ર કે જે રેકર્ડ પર **આંક–૯૬** થી રજુ છે તે ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીને બનાવ સમયે રજુ સારવાર પ્રમાણપત્રમાં જણાવ્યા મુજબની ઈજાઓ થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે, પરંતુ આ કામના ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદનાં કહેવા મુજબ બનાવ સમયે ટોળુ થવાથી ધક્કા–મુક્કીમાં પડી જવાથી ફરીયાદીને ઈજાઓ થયેલ હોવાનું ફલિત થાય છે. વધુમા હાલનાં કામે ઈજા પામનાર ફરીયાદી તથા બનાવ સમયે હાજર સાહેદનો પુરાવો અગત્યનો અને મહત્વનો છે, આ કામના ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ પોતાની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે પરંતુ સદર ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે, ત્યાં જઈને જોતા આ તમામ આરોપીઓ હાજર

હતા, જેમાં જેસંગભાઈના હાથમાં ડાંગ હતી, ઘનશ્યામભાઈના હાથમાં ડાંગ હતી, અનિલભાઈના હાથમાં કુહાડી હતી અને જીગરભાઈના હાથમાં હેંડુ હતુ. સાહેદ જણાવે છે કે, નિરંજને તેમને આ હકીકત કહેતા કહેલી. આમ, ફરીયાદી પોતે ફરીયાદ હકીકતથી વિપરીત હકીકત પોતાની ઉલટ તપાસમાં જણાવે છે. વધુમાં ફરીયાદપક્ષે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓ ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર થયેલ છે અને બનાવની હકિકતોને સમર્થન કરેલ નથી. બનાવ સમયે હાજર સાહેદો તેમની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં ફરીયાદ તથા બનાવની હકિકતોને નકારી કાઢેલ છે અને માત્ર સામાન્ય બોલાચાલી થયેલી અને ટોળુ થવાનાં કારણે ધકકા–મુકકીમાં પડી જવાથી ફરીયાદીને ઈજા થયાની હકિકત જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સદર ઉપર નોંધ્યા મુજબના બનાવના કામે સાહેદ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ તથા ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન નહીં કરતા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ આ સાહેદોને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ જ પુરાવો આપેલ નથી અને સરતપાસની હકિકતોને વળગી રહેતા આરોપીએ કોઈ ઈજા કરેલાની હકિકત જણાવતા નથી તે સંજોગોમાં બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલાનું અને ટોળુ થવાનાં કારણે ધકકા–મુકકીમાં પડી જવાથી ફરીયાદીને ઈજા થયાનું જણાય છે.

વધુમાં સાહેદોની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ. બનાવ સમયે ટોળુ હતુ અને ટોળામાં કોણે શું કર્યુ તેની તેમન ખબર નથી. ટોળામાં ધકકા મુકકી થવાથી પડી જવાથી માથામાં પથ્થર વાગવાથી ઈજા થયેલી. બનાવ સમયે કોઈએ કોઈને અપશબ્દો બોલેલ નહી કે કોઈની પાસે કોઈ હથિયાર હતુ નહી. વધુમાં ઉપર મુજબના સાહેદોમાં

નજરે જોનાર સાહેદ પણ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી અને તે સાહેદોની જુબાની અને સદર ફરીયાદીની જુબાનીમાં વિરોધાભાષ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. જેથી પણ ફરીયાદીની જુબાની પર આધાર રાખી, આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, બનાવ તારીખે, સમયે અને સ્થળે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૩૨૪,૫૦૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૬)** હવે ઈ.પી.કો. કલમ–૫૦૪ બાબતે ફરીયાદપક્ષનાં કેસની હકિકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાં આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલાની હકિકત ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ ફરીયાદીને કોઈ ગાળો બોલેલ હોય તેવી કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આરોપીઓ દવારા ગાળો આપેલ તેમાં શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતું નથી. ઈ.પી.કો. કલમ–૫૦૪ નાં આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેનાં કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. આ તબકકે <u>નામ. ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) જી. એલ. એચ. ૩૩૭ પર પ્રસિઘ્ધ પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>નાં ચુકાદામાં જે તારણો નોંધવામાં આવેલ છે તે ઘ્યાનમાં લેતા હાલનાં કામે ઈ. પી. કો. કલમ–૫૦૪ મુજબનાં તત્વો સંતોષાતા નથી કે આરોપીઓને તે સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૭)** આમ, ફરીયાદપક્ષ હાલનાં ગુનાનાં મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી તથા બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ ફરીયાદીને હથિયાર વડે ઈજા કરેલાની કે ફરીયાદીને ગાળો આપેલ હોવાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષે અન્ય સાહેદોને તપાસવામાં આવે અને તેઓ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરે તો પણ ફરીયાદપક્ષનાં મુખ્ય સાહેદનાં સોગંદ ઉપરનાં પુરાવાનાં વિરોધાભાષને કારણે ફરીયાદપક્ષનાં કેસ પ્રત્યે શંકા ઉત્પન્ન થાય તેમ છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા અન્ય સાહેદોને તપાસવામાં આવે અને ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણપણે સમર્થન કરે તો પણ ફરીયાદપક્ષનાં કેસનાં ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોય તે સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તે રીતે **મુદ્દા નં. ૧** નો જવાબ ''**નકારમા**'' ઠરાવી મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## **–:: હુકમ ::–**

**(૧)** આ કામનાં આરોપી નં. (૧) જેસંગભાઈ શંકરભાઈ પટેલ, ઉ. વ. પુખ્પ, ધંધો ખેતી, (૨) ઘનશ્યામભાઈ જેસંગભાઈ પટેલ, ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી, (૩) અનિલભાઈ જેસંગભાઈ પટેલ, ઉ. વ. પુખ્ત, ધંધો–ખેતી, (૪) અરવિંદભાઈ વરઘભાઈ, ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી, તમામ રહે. કંમ્બોઈ પટેલ, ખડકી, તા. જંબુસર, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૧૪૩,૧૪૭,

૧૪૮,૩૨૩,૩૨૪,૫૦૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે રજુ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદદામાલ ડાંગનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૩)** સી. આર. પી. સી. કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો દરેક આરોપીએ અપીલના સમય માટે રૂા. ૧૦,૦૦૦/– નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ : ૧૮ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૮/૦૩/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |